એ વિષે ફરિયાદનો અહીંયાં તો ધારો પણ નથી,
પ્રેમ છે, માન્યું, પરંતુ એકધારો પણ નથી

કેળવું ક્યાંથી નિકટતા કે ઇશારો પણ નથી,
પળ પછી લાગે કે હા એવો જુદારો પણ નથી.

જ્યાં નિમંત્રણ પણ નથી ને આવકારો પણ નથી,
તારું જ ઘર છે તેથી એવા ઉપચારો પણ નથી.

આકરા જ્યાં ફૂલથી ઇતર પ્રહારો પણ નથી,
યુદ્ધમાં શરણાગતિ સિવાય આરો પણ નથી.

જાળવું છું મરતબો એણે દીધેલા દર્દનો,
એટલે તો બંધ હોઠે ઊંહકારો પણ નથી.

લાખ ફરમાવે મનાઈ ઓસને આ પાંખડી,
આંસુઓ પર આંખનો એવો ઇજારો પણ નથી.

હું મનોમન આવ બોલ્યો, સાંભળી એ ના શક્યાં,
એ ન દોષી હોય તો અપરાધ મારો પણ નથી.

જિંદગીને શી રીતે આપું સરિતાનું રૂપક,
માત્ર વહેવાની દશા છે ને કિનારો પણ નથી.

આ પવનના ઝુલણે દીઠો નવો નરસિંહ મેં,
ના, નથી કરતાલ કરમાં, એકતારો પણ નથી.

ઊંઘમાં ને જાગૃતિમાં હાજરી જેની હતી,
આજ એ દુનિયા એ સ્વપ્નો એ વિચારો પણ નથી.

એ પ્રહેલિકાની માફક છે તો સન્મુખ, આ રહ્યાં,
છે પ્રતીતિ આટલી તેથી મુંઝારો પણ નથી.

ઓ નમાજી, એ સ્થળે ભેટો થશે તારો તને,
જ્યાં નથી મસ્જિદની જીદ, મન કે મિનારો પણ નથી.

ક્ષણને સંઘરવાની કોશિશ કર નહીં, ઓ બેઅદબ,
તું ફકીરને પૂછ મા : ઘરમાં પટારો પણ નથી.

છે શિખર દુર્ગમ ને ભીષણ ખીણ, ડગમગતાં ચરણ,
આપનો આભાર, મુરશિદ કે સહારો પણ નથી.

એક સધિયારો છે, ખલકત છે તો આખર આપની,
ખિજ છો ભૂલા પડે, છો ધ્રુવતારો પણ નથી.

એ અલલપંખી છે, ભમશે ભોમિયા વણ આભમાં,
જ્યાં નથી એકે ય પગદંડી, ઉતારો પણ નથી.

સમ ઉપર આવીને બેઠો છું સમેટી જાતને,
સાત સ્વરના જેટલો મારો પથારો પણ નથી.

સાતમા કોઠે હજી યે થઈ નથી શકતો ફના,
ને પ્રલયની આ દશામાંથી ઉગારો પણ નથી.

એ ભૂમિમાં તો મને હરગિજ ના પોઢાડશો,
સંત શાયર કે સૂફીની જ્યાં મઝારો પણ નથી.

શેર મક્તાનો તો છે અલ્લાહની આરામગાહ,
બાંગનો શોરે નથી, મંત્રોદ્ગારો પણ નથી.

જાત સાથે ચોખવટ કરજો કે નીકળ્યા ક્યાં જવા,
આ તરફ છે શૂન્ય નકરું, ઓ તરફ સઘળું સવા.

એ જ છે લુકમાનજી, હિકમત અસલ અકસીર દવા,
જો અતળ હો દર્દ તો મથવું નિરંતર તાગવા

આખરે એક જ ઠરે લબકાર ને લિજ્જત ઊભય,
દૂરથી ભાસે ભલે ને નામ ને રૂપ જૂજવાં.

આંસુઓ ઊના અને ઠંડા નિસાસા હરપળે,
પ્રેમને તો છે અનુકૂળ માત્ર એ આબોહવા.

ઇન્દ્રની અવધિ વળી મોહલત છે એના સ્વર્ગની,
હું તો અરજી પણ કરું ના આમ હંગામી થવા.

જિંદગીને રસ ગણી પીવા કર્યા જે પેંતરા,
એ હકીકતમાં હતા નુસખા તરસના અવનવા.

આમ તો બન્ને દશામાં ભિન્નતા સહેજે નથી,
શિર ઉપર હો કલ્પવલ્લિ પગ તળે હો ઝાંઝવાં.

ક્યાં હશે એ સ્થળ કે જ્યાં કોઈ જો બિસ્મિલ્લા કહે,
તો પડે બ્રહ્માંડમાં તત્કાળ પડઘો શ્રી સવા.

હા, સફરમાં નીકળી પડવાની શર્તો બે જ છે,
ના હો મંઝિલની ખબર, પ્રતિકૂળ સૂસવાતી હવા.

ઉંબરો ઓળંગજે તું શબ્દને મનમાં ધરી,
રંગ મ્હેંદીનો હશે મનમાં – જવાશે માળવા.

યાદ છે ને એ સુભાષિત : અરસિકેષુ ગઝલ..,
તો ય સાકી, શીદ મથે છે શેખને સમજાવવા.

જો ને ઈશ્વરનું ગજું,
સ્વર્ગનું કાઢે છજું.

હોય જો સ્વાતિનું જળ,
તો જ એ કરશે વજૂ.

કણ દઈ કુંજર મુખે,
પાર ઊતરે પરગજુ.

મૌન ખોદી શબ્દ આ,
શુંનું શું કાઢે હજુ.

વેણ ને વેણુ થકી,
કોણ છેદે કાળજું?

તું કહે તો શૂન્યને,
સોળ શણગારે સજું.

માત્ર પડછાયો બચ્યો,
લે, હવે એ પણ તજું.

અત્ર મુરશિદ તત્ર મન,
તું જ ક્હે કોને ભજું?

અશ્રુનું પ્રહસન હવે,
આ ગઝલ કરશે રજુ.

જુઓ ને વૈદ જ વિઘન બનીને ઊભા દરદ ને ઇલાજ વચ્ચે,
ભરે છે ચોકીપહેરો મુરશિદ અમારાં મન ને મિજાજ વચ્ચે.

અજાન ભેદી સરી ગયું જ્યાં અજાણ્યું પંખી જિગરને છેદી,
પલકમાં પામી ગયા અરવને અમે તો પડઘમ-પખાજ વચ્ચે.

પીડા અમારી ધરમ કરમ ને વિધિવિધાનો બે બુંદ આંસુ,
ભલે રઝળતા તમારા ઈશ્વર રૂઢિ રસમ ને રિવાજ વચ્ચે.

ન'તા એ પંડિત, ન'તા મૌલવી, હતા એ માણસ નમી ગયેલા,
કશું ય બોલ્યા વિના વિનયથી વસ્યા નમન ને નમાજ વચ્ચે.

હતું આ બંદાને શી ય વાતે તમારા દર્પણથી આદવેર,
પ્રહાર કરવા ઉગામું મુઠ્ઠી, પડે ત્યાં બંદેનવાજ વચ્ચે.

બધી સલ્તનત સમેટી પોઢ્યું કબરમાં કોઈ સબર કરીને,
ન'તી ખબર કે ધજા ફરકશે તૃણોની આ તખ્તતાજ વચ્ચે.

અમે સ્વયંને પુકારવાને અમસ્તું જ્યાં ઉચ્ચર્યા નામ નિજનું,
તરત પડી ગૈ ગહન તિરાડો બરડ બટકણા અવાજ વચ્ચે.

પ્રસન્ન આ પુષ્પની પાંખડી પર ઝરે ઓસની ભીનાશ શાથી,
હશે વિષાદી લકીર ઝીણી ખુદાઈના ખુશમિજાજ વચ્ચે.

કફનમાં કાયા, પવનમાં પાયા, પરોવી લીધું મરણને ક્ષણમાં,
સહજપણે મેં બટનને જાણે પરોવી લીધું હો ગાજ વચ્ચે.

નરી નગુણી ભરી સભામાં થયું વગોણું ગઝલ લખીને,
અમે ય નરસીં, નર્યા નૂગરા-નર્યા નાગરી સમાજ વચ્ચે.